# મુરાહ ભેંસ



મુરાહ ભેંસ ખાસ કરીનેં ઉત્તર ભારતમાં મધ્ય હરીયાણા તથા દિલ્હીની આસપાસનાં વિસ્તારોમાં જોવા મળી આવે છે. તેનો આકાર સામાન્ય ભેંસ કરતા થોડો લાંબો હોય છે.. તેનો રંગ ઘેરો કાળો પડતો હોય છે. તેનું માથુ મધ્યમ આકારનું હોય છે અનેં ટૂંકી ગરદન હોય છે. તેનાં શીંગડા નાના અનેં ગોળ વળાંક વાળા હોય છે . તેની પુંછડી લાંબી અને નીચેથી કાળા તથા સફેદ વાળ વાળી હોય છે. મુરાહ ભેંસ આખા વર્ષ દર્મ્યાન ૨૦૦૦ કિગ્રા દુધ આપી શકે છે. જેનો ગાળો ૩૦૦ દિવસ સુધીનો હોય છે. આ ભેંસ જન્મનાં લગભગ ૪૪ મહિનાં બાદ બચ્ચા આપી શકે છે અને ૪૫૩ દિવસ પછી બીજા બચ્ચાને જન્મ આપી શકે છે.